ભિલોડા કંપાના જમીનના દસ્તાવેજોમાં ભૂમાફીયા દ્વારા ચેડા કરાતાં ચકચાર

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભિલોડા કંપાના નારણપુર સીમવિસ્તારમાં આવેલ જમીનના દસ્તાવેજોમાં ભુમાફીયા ધ્વારા ચેડા કરાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ નારણપુર સીમવિસ્તારમાં આવેલ ખેતીલાયક જમીનના દસ્તાવેજોમાં ચેડા ઉભા કરી છેડછાડ કરેલ હોવાનું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા કૌભાંડ આચરાયું હોવાનું જાણવા મળેલ છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ૧ ઉપ-ડી ની નોટીસની બજવણી દરમ્યાન એક ઈસમ ધ્વારા ખોટી સહીઓ કરી મુળ માલીક ખેડુત ખાતેદારની અજાણતાંમાં બારોબાર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી છેતરપીંડી કરનાર ઈસમ રાજેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ રહે. ભિલોડા કંપા વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં આ જમીનના દસ્તાવેજમાં કૌભાંડ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા કંપાના રહેવાસી દિનેશભાઈ ચુનીભાઈ પટેલની ખેતીલાયક જમીનના દસ્તાવેજોમાં રાજેન્દ્રભાઈ પટેલ ધ્વારા મુળ ખેડુત ખાતેદારની જમીનના દસ્તાવેજોમાં તા.૨૮/૨/૨૦૦૬ થી તા.૨૧/૩/૨૦૦૬ દરમ્યાન મુળ ખેડુત ખાતેદારના એકરારનામામાં ખોટી બોગસ સહીઓ કરી જમીન મહેસુલ વિભાગમાં જમા કરાવી બિલ્ડરોને જમીનનું વેચાણ ખત કરવાની તજવીજ કરી હતી. મુળ જમીન માલીક દિનેશભાઈ પટેલને મહેસુલ વિભાગ ધ્વારા ૧ ઉપ- ડી ની નોટીસ બજવણીમાં પણ રાજેન્દ્રભાઈ પટેલએ ખોટી સહીઓ કરી પાવર ઓફ એટર્ની બનાવી મેળવી લીધી હતી. દિનેશભાઈ ચુનીભાઈ પટેલ સાથે જમીનના દસ્તાવેજ બાબતે છેતરપીંડી કરાઈ હોવાનું કિસ્સો પ્રકાશમાં આવતા ખડભડાટ મચી ગયો હતો. આ બનાવ સંદર્ભે દિનેશભાઈ પટેલએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી સંદર્ભે રાજેન્દ્રભાઈ પટેલ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડા તાલુકાના ભિલોડા કંપાના નારણપુર સીમ વિસ્તારમાં કરોડો રૂપિયાની જમીનના દસ્તાવેજમાં કૌભાંડ થયેલ હોવાનું કિસ્સો પ્રકાશમાં આવતા ભિલોડામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. વહીવટી તંત્રના અધિકારીઓ પણ સામેલ હોવાનું લોકમુખે ચર્ચાય છે. આ બનાવ સંદર્ભે ન્યાયિક તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ પ્રકાશમાં આવી શકે તેમ છે.

બ્રહ્મહિત રક્ષા સમિતિમાં હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૮

શ્રી બ્રહ્મહિત રક્ષા સમિતિ રાજયકક્ષાની કાર્યવાહક સમિતિમાં તાજેતરમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં ચેરમેન તરીકે નરેશ ચંદ્રરાજાની-અમદાવાદ, ડેપ્યુટી ચેરમેન તરીકે જીતુભાઈ મહેતા-રાજકોટ, મંત્રી તરીકે શૈલેષભાઈ ઠાકર-ગોધરા, મહામંત્રી તરીકે ડામરાજી રાજગોર-પાલનપુર, સહમંત્રી તરીકે દિનેશભાઈ મહેતા-અંબાજી, કોષાધ્યક્ષ તરીકે તુષારભાઈ ઠાકર-સિધ્ધપુર સહિત સભ્યોની વરણી કરવામાં આવી છે.

હિંમતનગરના ડૉ. પ્રાચી શાહને ગોલ્ડ મેડલ એનાયત

હિંમતનગરના ડૉ. પ્રાચી શ્રીપાલ શાહ જૈન વિશ્વભારતી યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ એજ્યુકેશનમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવતા તેમને દિલ્હી ખાતે કેન્દ્રિય માનવ સંશાધન મંત્રી શ્રીમતિ સ્મૃતિ ઈરાનીના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. પ્રાચી શાહ હિંમતનગર નજીક આવેલ મોન્ટેજ લેબોરેટરીઝ કંપનીના શ્રીપાલ શાહના ધર્મપત્નિ છે. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ખેડબ્રહ્મા સીનીયર સીટીજનની સેવા સદનમાં જગા ફાળવવા માગણી

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા સીનીયર સીટીજન મંડળે તાલુકા સેવા સદનમાં જગા ફાળવવા માટે પ્રાંત અધિકારીને લેખિતમાં માગણી કરી છે.

ખેડબ્રહ્મા સીનીયર સીટીજન મંડળના પ્રમુખ કીર્તીકુમાર યુ. જોષી તથા મંત્રી ગંગારામ એમ. મિસ્ત્રીએ લેખિતમાં પ્રાંત અધિકારીને કરેલ રજુઆત અનુસાર ખેડબ્રહ્મામાં સ્ટેટહાઈવે ઉપર તાલુકા સેવા સદનનું અદ્યતન બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે અને તેનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન પણ સંપન્ન કરવામાં આવ્યું છે. સીનીયર સીટીજન મંડળે તા. ૧૬ ઓગસ્ટના રોજ આ સદનમાં મંડળ માટે જગ્યા ફાળવવા રજુઆત કરી માગણી કરી હતી.

કેન્દ્ર સરકાર સીનીયર સીટીજન માટે જરૂરી સુવિધાઓ આપવા કટીબદ્ધ છે. જેથી સીનીયર સીટીજનના મામલતદાર કચેરી અને ટ્રેઝરી સહીતની તમામ સરકારી કચેરીઓના કામ સરળતાથી કરાવી શકાય. અગાઉ કરેલ રજુઆતનો કોઈ પ્રતિસાદ ન મળતાં મંડળ દ્વારા શુક્રવારના રોજ પુનઃ રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત સરકાર દ્વારા ૨૮ નવેમ્બરના રોજ યોજવામાં આવેલ શુદ્ધ હેતુ કાર્યક્રમના મુદ્દાઓની સરકાર દ્વારા સીનીયર સીટીજન મંડળને સેવાસદનમાં જગા ફાળવવામાં આવે તો તાલુકાના સીનીયર સીટીઝન્સ માટે ઉપયોગી અને સુંદર સુવિધા સાબિત થાય તેમ છે.

હિંમતનગરનું ગૌરવ

હિંમતનગર, તા. ૮

હિંમતનગરની ફેઈથ



સ્કૂલમાં ધો. ૮ માં અભ્યાસ કરતા કર્નીક કશ્યપભાઈ પુરોહિતે ૬૦મી નેશનલ સ્કૂલ બાસ્કેટબોલ સ્પર્ધા ૨૦૧૪-૧૫ માં ગુજરાતની ટીમ તરફથી ભાગ લીધો હતો. આ સ્પર્ધા રાજસ્થાનના જોધપુરમાં તા. ૧લીથી ૫ મી ઓક્ટોબર દરમ્યાન યોજાઈ હતી. ગુજરાતની ટીમમાં સાબરકાંઠા જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરવા માટે કર્નીકને ફેઈથ ઈંગ્લિશ સ્કૂલ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

વડાગામથી રોઝડ સ્ટેટહાઈવે પર લાખોના ખર્ચે બનાવેલુ સર્કલ તોડી નવેસરથી બનાવાઈ રહ્યું છે

અગાઉ બનાવેલ સર્કલ તોડીને ફરીથી બનાવવામાં વધુ લાખો રૂપિયાનો ધુમાડો : રોડસાઈડે ગેરકાયદેસર દબાણો તોડી પડાયાં પરંતુ કાર્ય પુરૂ કરવામાં વિલંબે લોકોને મુશ્કેલીમાં મુક્યા

વડાગામ, તા. ૮

વડાગામ નજીક રોઝડ પાસે સ્ટેટ હાઈવે પર આવેલ સર્કલને તંત્ર દ્વારા તોડી પાડીને નવું બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલ સર્કલને તોડીને નવેસરથી બનાવવામાં આવતાં પ્રજાના પરસેવાની કમાણીના પૈસાનો બેફામ દુરૂપયોગ થઈ રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સર્કલની સાથે રોડની સાઈડે આવેલ દુકાનોના ગેરકાયદેસર બાંધકામને પણ તોડી પડાયું છે. જેના કારણે રસ્તો બ્લોક થઈ જતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અમદાવાદ-મોડાસા સ્ટેટ હાઈવે પર પુંસરી ગામથી આશરે પાંચેક કિલોમીટરના અંતરે આવેલ રોઝડ પાટિયા પાસેના સર્કલને તોડી પાડ્યું છે. અગાઉ લાખો રૂપિયાના ખર્ચે બનેલ સર્કલને ફરીથી તોડીને નવું બનાવવા વધુ લાખો રૂપિયાનો બેફામ ધુમાડો કરાઈ રહ્યો છે. આ સર્કલની નજીક રોડની સાઈડે આવેલ દુકાનોના ગેરકાયદેસર દબાણો પણ તોડી પડાયાં છે જે આવકારદાયક બાબત છે પરંતુ તેનું મંથરગતિએ ચાલી રહેલા કામ લોકો માટે મુશ્કેલી પેદા કરી રહ્યું છે. તોડી પડાયેલા દબાણોના કાટમાળને લીધે વેપારીઓને અને ગ્રાહકોને દુકાન સુધી પહોંચવામાં પારાવાર મુસ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કારણે આ વિસ્તારના લોકો સત્વરે નવું સર્કલ બનાવાય અને દબાણોનો કાટમાળ હટાવવાની કામગીરી પૂર્ણ કરાય તેવી અપેક્ષા રાખી રહ્યા છે.

(તસવીર : બાબુભાઈ પટેલ)

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના પ્રાથમીક શિક્ષકોનો બદલી કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા અને સાબરકાંઠા જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ વધારવા હંમેશા પ્રયત્નશીલ રહેતા પરંતુ સંખ્યાની ઘટના કારણે ફાજલ પડેલા ૨૬૦ શિક્ષકોનો ગુજરાત કુલ ૧૯ તાલુકાના પ્રાથમિક શિક્ષકોએ ભાગ લીધો હતો. પ્રાથમીક વિભાગમાં ૨૪૫ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ૨૬૮ શિક્ષકોની મહેકમ હતી જેમાં અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાંથી વધ-ઘટ થયેલા તમામ શિક્ષકો હાજર રહ્યા હતા. આ પ્રાથમિક શિક્ષકોના વધ-ઘટ કેમ્પના આયોજન દરમ્યાન જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી પી.કે. ત્રિવેદી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જે.કે. પટેલ, હેડ ક્લાર્ક એચ.કે. પટેલ, મોડાસા ટીચર્સ મંડળીના પ્રમુખ હસમુખભાઈ પટેલ, ટી.કે. એન. તરાર તથા આઈ.જે. પટેલ તેમજ તાલુકા શિક્ષણ અધિકારીઓ અને પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ ભગવાનદાસ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાથમિક શિક્ષકોની ઘટના કારણે ફાજલ શિક્ષકોનો સમાવેશ થતાં કેમ્પમાં આનંદ છવાયો હતો અને બી.આર.સી. ભવનમાં કોઈ પણ જાતનો વિવાદ ઉભો થયા વગર આ બદલી કેમ્પ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં બધા અધિકારીઓએ તેમજ સત્તાધિશોએ હાશકારો અનુભવ્યો હતો.

સરકારના નિયમ અનુસાર સમાવેશ કરાયો છે.

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરની પ્રાથમિક શાળા નં. ૧ માં આવેલ બી.આર.સી. ભવનમાં વધ-ઘટનો કેમ્પ તા. ૭મી નવેમ્બરે યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૧ થી ૫ ના ૨૪૫ શિક્ષકો અને કેમ્પમાં

પ્રાંતિજ તાલુકામાં રોગચાળો વકર્યો : મિશ્ર ઋતુથી ઘેર ઘેર બિમારીના વાવડ

નાગરિકોએ બહારનો નાસ્તો ટાળવો જોઈએ અને ગરમ અને શરીર ઢંકાય તેવા પુરા વસ્ત્રો પહેરવા જોઈએ

પ્રાંતિજ, તા. ૮

તાલુકા અને શહેરમાં ત્રેવડી ઋતુથી ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. એક ઋતુમાં ત્રણ ઋતુનો અહેસાસ થવા લાગ્યો છે. જેના કારણે વાઈરલ ઈન્ફેક્શન લાગવાથી દર્દીઓથી દવાખાના ઉભરાવા લાગ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં અને નગરમાં બિમારીએ માથુ ઉંચક્યુ છે. શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. છતા પણ ગરમીનો અહેસાસ તાલુકાની પ્રજા કરી રહી છે. પરોઢિયે ઠંડી, બપોરે ગરમીથી નાગરિકો પરેશાન થઈ ગયા છે.

પ્રાંતિજમાં ઋતુજન્ય રોગોથી મગજનો તાવ, ટાઈફોઈડ, કોલેરા જેવા રોગોએ શહેરને ભરડામાં લીધુ છે. દિવસે તાપમાન મહત્તમ અને સાંજ ઢળતા લઘુત્તમ તાપમાનથી લોકો રોગના ભોગ બની રહ્યા છે. શરદી, ખાંસી, કફ, સળેખમ શરીર જકળાઈ જવુ સહિતની બિમારીથી નાગરિકોને દવાખાને દોટ મુકવી પડે છે. વાતાવરણના કારણે રોગ ફેલાય છે અને તેની સામે બચાવ માટે પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસરો ડૉ. ગૌતમ નાયક અને પોગલુના ડૉ. મહેલુ ચોપરાએ નાગરિકોની સલામતી માટેના સુચનો કર્યા છે.

તેઓ જણાવે છે કે ઋતુ જ્યારે બદલાય ત્યારે વાઈરલના કારણે રોગો થઈ શકે છે તેની સામે નાગરિકોએ આદુનો રસ પીવો જોઈએ. ઘરમાં ઉકાળેલુ પાણી પીવાનો આગ્રહ રાખવો જોઈએ તેમજ બહારનો નાસ્તો ટાળવો જોઈએ. તેમજ મચ્છરોથી અને ઠંડીથી બચવા માટે શરીર ઢંકાય તેવા ગરમ વસ્ત્રો પહેરવા જોઈએ.

શ્રદ્ધાના સહારે સાયકલ પર ૧૪૫૦ કિ.મી.નો પ્રવાસ

વડાગામના બે મુસ્લિમ બિરાદરો શેખ સત્તારમીંયા નુરમહમંદ અને સિંધી નાથુભાઈ અબીભાઈ ૧૪૫૦ કિલોમીટર લાંબા સાઈકલ પ્રવાસે નીકળ્યા છે. આ બંને બિરાદરો વડાગામથી ઉત્તરાખંડમાં આવેલા કલીયર સરીફા ખાતે જવા નીકળ્યા છે અને આ પ્રવાસ દરમ્યાન તેઓ દિવસની પાંચે નમાઝ અદા કરવાનું ચુકતા નથી. (બાબુભાઈ પટેલ)

અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગનો સપાટો

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લામાં ખાણ ખનિજ વિભાગની ટીમે અરવલ્લી જિલ્લામાં હરકતમાં આવી વિવિધ જગ્યાઓએ તપાસ હાથ ધરતા જિલ્લાના ભૂમાફિયાઓને વિચારતા કરી મુકયા છે. ખાણ ખનીજ વિભાગની ટીમે ગઈ કાલ રાત્રે અને આજે વડાગામના બોરવાઈ ગામની સીમમાં અને મોડાસા મેઘરજ રોડ પરથી બિન અધિકૃત રીતે ખાણ ખનિજનો જથ્થો સપ્લાય કરતા વાહનો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં અરવલ્લી જિલ્લામાં બિનઅધિકૃત રીતે ખનન કરતા ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગને ટીમે ગઈ કાલે રાત્રે સર્ચ ઓપરેશન હાથ ધરી મોડાસાથી મેઘરજ રોડ ઉપર આવેલા દોલપુર ગામ નજીકથી ચાર ગાડી રેતી અને એક ડમ્પર કપચી વહન કરતા ડુલ મળીને પાંચ વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આજે અરવલ્લી જિલ્લા તેમજ ગુજરાત રાજયમાં ખાણ ખનીજ અને કપચી માટે જાણીતા વડાગામ પંથકમાં આ ટીમે ઓચિંતી મુલાકાત લઈ રચના ઈન્ફાસ્ટ્રકચર લી. દ્વારા બિનઅધિકૃત રીતે મોહરમ ખનીજ ડમ્પ કરતા ઝડપી પાડી હતી. જિલ્લા ખાણખનીજ અધિકારી યદુવંશી તેમજ માઈન્સ સુપરવાઈઝર આલ્ફાન્સ ડીસુઝા અને તેમની ટીમે

● અનુસંધાન પાના - ૭ પર



ન્યાલચંદભાઈ વકીલ પરિવારના સૌજન્યથી સ્વસ્થ વૃધ્ધજન સન્માન સમારંભ

ગાંધીનગર, તા. ૮

શિશુવિહારના સંસ્થાના ઉપક્રમે સતત ૨ ઉમાં વરસે 'સ્વસ્થ વૃધ્ધત્વ સન્માન' સમારંભ યોજાશે.

પરમ આદરણીય મોરારિબાપુના સાનિધ્યમાં તારીખ ૧૧ નવેમ્બરે યોજાનાર કાર્યક્રમમાં ૭૫ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોની વય વંદના થશે. તેમજ તેઓને અવસ્થાને અનુરૂપ ફોલ્ડીંગ સ્ટીક, શૉલ્ડર બેગ, રૂમાલ, અગરબત્તી, જીવનવિકાસલક્ષી સાહિત્ય ભેટ સ્વરૂપે આપવામાં આવનાર છે.

આગામી મંગળવારે શિશુવિહાર પ્રાંગણમાં સાંજના ૪.૩૦ કલાકે યોજાનાર કાર્યક્રમ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાની અને ૧૦૪ વરસે પણ સ્વસ્થ વડીલ તરીકે આનંદાઈ જીવન વ્યતિત કરતા પૂજ્ય પ્રેમશંકરભાઈ ભટ્ટ વડીલોને માનવીય જીવનની સુવાસ અંગે પ્રેરક વિચારો આપશે.

ભાવનગરની જાણીતી સંસ્કાર શાળા નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની બહેનોની પ્રાર્થનાથી શરૂ થનાર કાર્યક્રમના અંતે અગાઉથી નામ નોંધણી કરાવનાર તમામ વડીલો સાથે ભોજન લેશે અને પૂજ્ય મોરારિબાપુના સાનિધ્યમાં જીવન સંધ્યાના સ્વાગત વિષયે પ્રેરકવાણી પામશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦